# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી) અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંક- ટ્રાફિક/વડાપ્રધાનશ્રી/કાર્યક્રમ/ ૧૯૭૫ /૨૦૨૪

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર, સુરત
તા.૨૦ /૦૨/૨૦૨૪

આગામી તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ ભારત દેશના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી નાઓ નવસારી જીલ્લાના મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ મોજે. વાંસી-બોરસી તા.જલાલપોર જી.નવસારી ખાતે ઇન્ડસ્ટ્રીયલ પાર્કના ખાતમુહુર્ત તથા જાહેરસભાના કાર્યક્રમમા પધારનાર છે.સદર કાર્યક્રમમા ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી તથા કેન્દ્ર/રાજ્ય કક્ષાના પદાધિકારીશ્રીઓ તથા મહાનુભાવશ્રીઓ તથા મોટી સંખ્યામા સુરત શહેરથી જનમેદની હાજર રહેનાર છે. જેથી માન.વડાપ્રધાનશ્રી નાઓના ઉપરોક્ત કાર્યક્રમ અનુસંધાને ટ્રાફિક નિયમન જળવાઇ રહે અને કોઇ અવ્યવસ્થા ન સર્જાય તથા જાહેર જનતાને તેમજ આવતા જતા વાહન ચાલકોને અવર-જવરમાં અડચણ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે હેતુસર સુરત શહેર હજીરાથી ભાટીયા ટોલટેક્ષ થઇ પલસાણાથી ને.હા. નં.- ૮ ઉપર જતા વાહનો તેમજ પલસાણાથી ભાટીયા ટોલટેક્ષ થઇ હજીરા તરફ જતા ભારે વાહનો તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ ક. ૧૧/૦૦ વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉપરોક્ત રૂટ પર ભારે વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર તેમજ સદર રૂટવાળા મુખ્ય માર્ગ તથા મુખ્ય માર્ગને અડીને આવેલ તમામ ગલી–નાકા, ચાર રસ્તા ઉપરથી મુખ્યમાર્ગ ઉપર પ્રવેશવા તેમજ ક્રોસીંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

ઉપરોક્ત વિગતે હું વાબાંગ જામીર, I/C પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) મુજબ મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાના નિર્ણય ઉપર આવેલ છું.

## :: પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય ::

(૧) હજીરા થઇને ભાટીયા ચેકપોસ્ટથી પલસાણા થઇ ને.હા.તરફ જતા વાહનો તેમજ ને.હા.નં.- ૮ થી પલસાણા ભાટીયા ટોલટેક્ષ થઇ હજીરા તરફ જતા ભારે વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર તા.૨૨/૦૨/૨૦૨૪ રોજ ક. ૧૧/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિબંધ રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમ પુર્ણ થયેથી જાહેરનામાથી લાદવામાં આવેલ પ્રતિબંધ સમાપ્ત થશે.

## :: વૈકલ્પિક રૂટ ::

(૧) સુરત શહેર બહારથી આવતા અને હજીરા તરફ જતાં ભારે વાહનો પલસાણા, કડોદરા, કામરેજ, કીમ ચોકડીથી ડાબે ટર્ન લઇ સાયણ, વેલંજા, સાયણ ચેક પોસ્ટ, O.N.G.C. ચાર રસ્તાથી હજીરા તરફ જઇ શકશે.

(૨) પલસાણા/સચીન તરફથી આવતા ભારે વાહનો સચીન સાત્વલા બ્રીજ નીચે સચીન GIDC ગેટ સામે ચાર રસ્તાથી જમણે ટર્ન લઇ આશીષ હોટલ, ઉન, ભેસ્તાન, દક્ષેશ્વર ત્રણ રસ્તા, ઉધના દરવાજાથી ડાબે ટર્ન લઇ રીંગ રોડ, અઠવાગેટ, ગુજરાત ગેસ સર્કલથી ડાબે ટર્ન લઇ પાલ પાટીયા, O.N.G.C. ચાર રસ્તાથી હજીરા તરફ અવર જવર કરી શકાશે.

(૩) હજીરા તરફથી સુરત શહેર બહાર જતાં ભારે વાહનો પરત O.N.G.C. ચાર રસ્તા બ્રીજ નીચેથી ડાબે ટર્ન લઇ સાયણ ચેક પોસ્ટ, વેલંજા, સાયણ, કીમ ચોકડીથી પલસાણા તરફ જઇ શકાશે.

## :: અપવાદ ::

ઉપરોક્ત પ્રતિબંધમાંથી (૧) પોલીસ વિભાગના વાહનો, (૨) ફાયરના વાહનો, (૩) એમ્બ્યુલન્સ, (૪) SMCના વાહનો, (૫) સરકારશ્રીના વાહનો, (૬) કાર્યક્રમ સ્થળ સુધી લાભાર્થીઓને લાવવા લઇ જવા માટે આવતા વાહનો તથા (૭) VVIPશ્રીઓના વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધ માંથી મુક્તી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૦ /૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર સુરત શહેર

(વાબાંગ જામીર)
I/C પોલીસ કમિશનર
સુરત શહેર

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.

(૫) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સુરત શહેર.

(૬) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.

(૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૨, સુરત શહેર.

(૮) અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ, સુરત શહેર.

(૯) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.

(૧૦) કલેકટરશ્રી, સુરત શહેર.

(૧૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.

(૧૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪,૫,૬ અને કંટ્રોલ, ટ્રાફિક, ક્રાઇમ સુરત શહેર

(૧૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૧૪) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ,બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઇ,જે,કે,એલ, ટ્રાફિક, કંટ્રોલ, વિશેષ શાખા, હેડ કવાર્ટસ સુરત શહેર.

(૧૬) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(૧૮) નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૧૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૨૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૨૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરત રેલ્વે પોલીસ સ્ટેશન.

(૨૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર (૨૦ નકલ) વર્તમાન પત્રો ટી.વી. ચેનલોને આપવી.

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુજરાત રાજય સોલા રોડ, અમદાવાદ.

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, સુરત.

(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેસન્સ જજ કોર્ટ, સુરત.

(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.

(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, ચોર્યાસી તાલુકા.

(૭) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત.